ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ફરી એકવાર વલસાડે દેશના 'પ્રાઈમ મિનિસ્ટર' નક્કી કર્યા

## ઈન્દિરા અને રાજીવે અભિતાભને સાચવ્યા, સોનિયા અને રાહુલે નહી

ગુજરાતમાં વલસાડની બેઠક જે પાર્ટીના ઉમેદવાર જીતે તેની દિલ્હીમાં સરકાર બને છે તે ફરી એકવાર સિદ્ધ થયું છે. ભાજપના ઉમેદવાદે વલસાડની બેઠક કબ્જે કરી છે અને દિલ્હીમાં નરેન્દ્ર મોદીના લિડરશીપ સાથે એનડીએ-ભાજપની સરકારનું ગઠન થયું છે. વલસાડની બેઠક એક યોગાનુયોગ છે, તેને ભારતીય રાજકારણનો કરિશ્મા જ કહી શકાય. આપણે ચૂંટણી અગાઉ અહીં કહી ગયા છીએ કે એનડીએની સરકારે રાજ કર્યુ હતું. એટલું જ નહી, ૧૯૭૭માં દેશના પ્રધાનમંત્રી મોરારજી દેસાઈ હતા ત્યારે વલસાડમાં જ તેમની જનતા પાર્ટીના કેન્ડિડેટ નાનુભાઈ પટેલ વિજયી બન્યા હતા. ૧૯૮૯માં જનતાદળના ઉમેદવાર અર્જુન પટેલ વલસાડથી વિજેતા થયા હતા અને દેશમાં જનતાદળના વી. પી. સિંહની સરકાર રચાઈ હતી...

**ગુજરાતની નજર દિલ્હી કેબિનેટ ઉપર...**

### ગુજરાતથી શરૂ થયેલી મોદી થિયરી આખા દેશમાં છવાઈ ચૂકી છે

વલસાડનો ઉમેદવાર દિલ્હીની સરકાર નક્કી કરે છે. વલસાડે તેનો દબદબો બરકરાર રાખ્યો છે. ૨૦૧૪માં

### ગુજરાતનો નવો મતદાર સોશ્યલ સાઈટ સાથે જન્મ લઈ રહ્યો છે

ગુજરાત ભાજપની નજર હવે દિલ્હીની મોદીની કેબિનેટ ઉપર મંડાયેલી છે. ભારતમાં ૩૭



### ટાઈમ લાઈન

- ગૌતમ પુરોહિત

ભાજપના ઉમેદવાર ડો. કે.સી. પટેલ આ બેઠક ઉપરથી વિજયી બન્યા છે ત્યારે દિલ્હીમાં સત્તા પરિવર્તન થયું છે. તેમણે કોંગ્રેસના કિશન પટેલને હરાવ્યા છે...

૨૦૦૪ અને ૨૦૦૯માં લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસના કિશન પટેલનો વલસાડમાંથી વિજય થયો હતો અને કેન્દ્રમાં યુપીએ-કોંગ્રેસની સરકાર રચાઈ હતી. એ પહેલાં ૧૯૯૬, ૧૯૯૮ અને ૧૯૯૯માં આ બેઠક પરથી ભાજપના ઉમેદવાર મણીભાઈ પટેલ વિજયી થયા હતા ત્યારે કેન્દ્રમાં ભાજપ શાસિત વર્ષોમાં પહેલીવાર ગુજરાતી વડાપ્રધાન બન્યા છે ત્યારે રાજયની જનતાની અપેક્ષાઓ વધે તેમાં ખોટું પણ નથી. ગુજરાતે તો ભાજપને ૨૬ સામે ૨૬ આપીને એક નવો રેકોર્ડ કિર્તીમાન કર્યો છે. દેશની પાર્લામેન્ટમાં ગુજરાત કોંગ્રેસનું પ્રતિનિધિત્વ જ રાખ્યું નથી ત્યારે ગુજરાતના ઓછામાં ઓછા ત્રણ થી ચાર સભ્યોને કેબિનેટમાં સ્થાન મળે તેવું લાગી રહ્યું છે. સૌ પ્રથમ તો પ્રાઈમ પોસ્ટ ઉપર ખુદ નરેન્દ્ર મોદી છે. તેમની સાથે બીજાક્રમે

● અનુસંધાન પાન-૭ પર

# અસહ્ય બફારાથી ગાંધીનગર ત્રાહિમામ

## છેલ્લા બે દિવસથી બપોર બાદ ખુબ બફારો અનુભવાય છે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરમાં છેલ્લા બે દિવસથી ખુબ બફારો અનુભવાય છે. પવન બંધ થઈ જતા ખુબ અકળામણ અનુભવાય છે. લઘુત્તમ તાપમાન ઉંચુ રહેતા રાત્રે પણ ખુબ ગરમી લાગે છે.

આજકાલ શહેરીજનો પરસેવે રેબઝેબ બની જાય છે. મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ રહેતુ હોવા છતાં બફારો અને તાપ ખુબ અકળાવી જાય છે. છેલ્લા બે દિવસથી સ્થિતિ વધુ કફોડી બની છે. સવારે થોડીક ઠંડક રહે છે. તે પછી ૧૧-૧૨ વાગે આકરો તડકો હેરાન કરે છે. બપોર બાદ પવન સાવ બંધ થઈ જતા વસાહતીઓ હેરાન થાય છે. વળી આજકાલ ભેજનું પ્રમાણ વધુ રહેતા સાંજે પણ ગરમી-બફારાથી રાહત મળતી નથી. જો પંખા, કુલર વગર એક મિનિટ પણ રહેવાનુ થાય તો પરસેવે રેબઝેબ થઈ જવાય છે. પરસેવાના કારણે જાણે ગભરામણ અનુભવાય છે. અકળાવનારી ગરમી અને સતત બફારો રહેતા વસાહતીઓ રાત્રે મોડે સુધી ઘરની બહાર બેસી રહે છે. શહેરના સર્કલો, ચ-૫ ફુવારો, સ્વર્ણિમ પાર્ક વગેરે સ્થળોએ મોડી રાત સુધી જાણે મેળાવડો જામે છે. ઘ-૪ના ફુવારાની ઠંડકમાં અને સ્વર્ણિમ પાર્કની લોનમાં લોકો કલાકો સુધી બેસી રહે છે. અહીં આસપાસ ઠંડા પીણા અને બરફ ગોળાની લારીઓ પર પણ ઠંડક મેળવવા ભીડ જામે છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

# ભીખુભાઈ દલસાણીયાનું નામ બુકીઓમાં ટોપ પર

## બીજા ક્રમે આનંદીબેન પટેલ અને ત્રીજા ક્રમે ગણપત વસાવાના નામ પર ગાંધીનગરમાં કરોડોનો સટ્ટો

ગાંધીનગર, તા.૧૮

હાલ ક્રિકેટને બદલે ગુજરાતમાં મુખ્યમંત્રીની ખુરશી પર હવે કોણ બેસસે તેના પર સટ્ટા બજાર ગરમ છે. નરેન્દ્ર મોદી હવે -ધાનમંત્રી પદ સંભાળવા દિલ્હી જશે ત્યારે હવે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે કોણ આવશે તે ~ પર ગાંધીનગરમાં જ કરોડો રૂપિયાનો સટ્ટો લેવાઈ ગયો છે. સટ્ટાબજારમાં ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ભીખુભાઈ દલસાણીયાનું નામ ટોપ મોસ્ટ પર છે. ભીખુભાઈ નવા સી.એમ બનશે તેના પર સૌથી વધુ સટ્ટા બુક થયા છે. જયારે સી.એમ ની રેસ માં બુકીઓ લીસ્ટ -માણે બીજા ક્રમે આનંદીબેન પટેલ અને ગણપત વસાવા ત્રીજા ક્રમે છે. ભીખુભાઈ નવા મુખ્યમંત્રી તરીકે સૌથી વધુ ભાવ બોલાયા હોવાનું જાણવા મળ્યું છે.

ગુજરાતના નવા મુખ્યમંત્રી તરીકે આનંદીબેન પટેલનું નામ મોખરે હતું. પરંતુ સુત્રોનું માનીએ તો આર.એસ.એસ (સંઘ) દ્વારા આનંદીબેનના નામ પર વિરોધ કરવામાં આવ્યો છે.

ગુજરાતમાં ભાજપને તમામ ૨૬ સીટ મળે તેની જવાબદારી ભીખુભાઈ દલસાણીયાને સોંપવામાં આવી હતી. ભીખુભાઈએ તે જવાબદારી બખૂબીથી નિભાવી અને ગુજરાતને ૨૬ માંથી ૨૬ સીટ -ાપ્ત પણ થઈ છે. તેથી સંઘે નવા મુખ્યમંત્રી તરીકે ભીખુભાઈનું નામ સૂચવ્યું હોવાનું સુત્રો પાસેથી જાણવા મળ્યું છે. તો બીજી તરફ સટ્ટાબજારમાં બુકીઓના લીસ્ટ -માણે પણ ગુજરાતના નવા મુખ્યમંત્રીમાં ભીખુભાઈ દલસાણીયાનું નામ જ ટોપ પર ચાલે છે. નવા સી.એમ ના નામમાં સૌથી વધુ ભાવ ભીખુભાઈના બોલાયા છે. ત્યાર બાદ આનંદીબેન પટેલનું નામ આવે છે. ગુજરાતના મુખ્યમંત્રી પદ માટે બુકીઓના લીસ્ટ મુજબ બીજા ક્રમે આનંદીબેન પટેલ અને ત્રીજા ક્રમે ગણપત વસાવાનું નામ છે. સૌથી વધુ સટ્ટો ભીખુભાઈના નામે ત્યાર બાદ આનંદીબેનના નામે અને ત્રીજા નંબરે ગણપત વસાવાના નામે લેવાયો હોવાનું જાણવા મળ્યું છે. ગાંધીનગર જિલ્લામાં કરોડો રૂપિયાનો સટ્ટો નવા મુખ્યમંત્રીના નામ પાછળ લેવાઈ ગયો છે.



# ભાજપના ધારાસભ્યોની ૨૧મીની બેઠકમાં નવા નેતાની વરણી કરાશે

ગાંધીનગર, તા. ૧૮

ભાજપના ધારાસભ્યોની બેઠક ૨૧મીએ મળશે જેમાં ગુજરાતના નવા મુખ્યમંત્રીના નામ અંગે ધારાસભ્યોના અભિપ્રાયો મેળવીને નામની જાહેરાત કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

લોકસભા ચૂંટણીમાં ભાજપને સ્પષ્ટ બહુમતી મળતા કેન્દ્રમાં ભાજપ સરકારની રચના થનાર છે ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વડાપ્રધાન બનવા જઈ રહ્યા હોઈ મુખ્યમંત્રી પદેથી નરેન્દ્ર મોદી ૨૧મી મે ના રોજ રાજીનામુ આપનાર છે.

મુખ્યમંત્રી પદેથી નરેન્દ્ર મોદી રાજીનામુ આપનાર હોઈ ખાલી પડનાર આ પદ પર તેમના ઉત્તરાધિકારીની પસંદગી માટે ૨૧મીએ ભાજપના ધારાસભ્યોની એક મહત્વની બેઠક મળનાર છે.

૨૧મીના રોજ પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુની અધ્યક્ષતામાં અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને નિરીક્ષક થાવરચંદ ગેહલોતની ઉપસ્થિતિમાં મળનારી ધારાસભ્યોની બેઠકમાં નરેન્દ્ર મોદીના ઉત્તરાધિકારી માટે નવા મુખ્યમંત્રીના નામ માટેના પ્રસ્તાવો રજુ કરવામાં આવશે. અને આ નામો પર ધારાસભ્યોના અભિપ્રાય મેળવીને નવા મુખ્યમંત્રીના નામ અંગેની

● અનુસંધાન પાન-૭ પર





રજાઓની મજા - આજકાલ વેકેશનની મજા માણતા બાળકો અને વાલીઓ પિકનીક સ્થળો પર છલકાય છે... ગાંધીનગરના સેક્ટર-૨૮ના બગીચામાં વેકેશનનો રવિવાર હોય એટલે કે જાણે માનવ મહેરામણ ઉમટ્યો હોય... મેળાનો માહોલ સર્જાય છે... આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી વેકેશનમાં બાળકોને રજાઓની મજામાં મસ્તી કરાવવા વાલીઓ લઈ આવે છે... સેક્ટર-૨૮માં આવેલી વિવિધ રાઈડ્સ, બોટીંગ અને હિંચકા તથા લપસણીની મોજ-મસ્તી ઉપરાંત મીની ટ્રેનની પણ બાળકો સહિત વાલીઓ મજા માણી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

# 'ના મેં આયા હું, ના મુજે લાયા ગયા હૈ, મુજે તો 'માઁ ગંગાને બુલાયા હૈ'

## ઘેર ઘેર ગુંજતા થયેલા આ હૃદયસ્પર્શી વાક્યથી લોકો ગદ્‌ગદિત, કેટલાકે મોબાઈલની રીંગ બનાવી

ગાંધીનગર, તા. ૧૮

લોકસભાની ચૂંટણીના પરિણામો બાદ થઈ રહેલી ચર્ચાઓમાં વારાણસીમાં નરેન્દ્ર મોદી દ્વારા બોલાયેલા વાક્યથી લોકો હાલ પણ ગદ્‌ગદિત થઈ રહ્યા છે. લોકોના હૃદયમાં અંકિત થયેલા મા ગંગાને ઉદ્દેશીને બોલાયેલા વાક્યથી ધર્મપ્રેમી લોકો વધુ ધર્મિષ્ઠતાથી એકબીજાને સંભળાવી ખુશ થઈ રહ્યા છે. જો કે કાશી અને ગંગાનું હિંદુ સંસ્કૃતિમાં ખુબજ ઉંચુ સ્થાન હોઈ પ્રજાજનો પણ આ વાક્ય થકી તેની મહત્તા રાજકારણ ક્ષેત્રે પણ અલગ હોવાની અનુભુતિ કરી હતી.

લોકસભાની ચૂંટણી સંદર્ભે ભાજપના કદાવર નેતા અને ભાવિ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના પ્રચારમાં અનેક અસરકારક ભાષણો કર્યા છે. જેમાં વારાણસીમાં કરેલુ તેમનું ભાષણ એ ખુબ જ ચર્ચામાં રહ્યું છે. જેના પ્રત્યાઘાત સ્વરૂપે હાલ પણ લોકોના કંઠે અને મુખે પણ સાંભળવા મળી રહ્યું છે. જેમાં નરેન્દ્ર મોદીએ હિંદુ સંસ્કૃતિમાં દેવીસ્વરૂપમાં ગંગાને સંબોધી બોલેલુ વાક્ય 'ના મેં આયા હું, ના મુજે લાયા ગયા હૈ, મુજે તો મા ગંગાને બુલાયા હૈ' અતિ લોકપ્રિય બન્યું છે. ઘરે ઘરે ગુંજતા થયેલા આ હૃદયસ્પર્શી વાક્યથી વૃદ્ધો, યુવાનો અને મહિલાઓ વધુ આકર્ષિત બની છે.

ગંગા નદીમાં સ્નાન કરવાથી અનેક પાપોમાંથી મુક્તિ મળતી હોવાની માન્યતાએ ગંગા એ હિંદુ સંસ્કૃતિમાં 'મા' તરીકે પૂજાય છે. જેથી આ વાક્યથી નરેન્દ્ર મોદીએ પ્રજાજનોની લાગણી જીતી લીધી હતી. ગુજરાત કે દેશના અન્ય રાજ્યોમાંથી થતા યાત્રા પ્રવાસમાં પણ વારાણસી એટલે કે કાશીનો ગંગા ઘાટ અવશ્ય સામેલ હોય છે જેથી



ગંગા શબ્દ લોકહૃદયમાં વસી ગયેલો છે અને તે શબ્દને અનોખા સંયોજનોથી અલંકારિત કરીને નરેન્દ્ર મોદીએ રજૂ કરતા હાલમાં તે અતિલોક પ્રિય બન્યા છે. ઘણા યુવાનો અને વડીલોના મોબાઈલની રીંગ બની ગયેલા આ વાક્ય વારંવાર સાંભળવા માટે તેને મોબાઈલમાં સંગ્રહ કરી લીધો છે. આમ શણગારેલા શબ્દો ઈતિહાસ બનતા હોવાના દાખલા છે ત્યારે આ શબ્દો પણ ઈતિહાસ બનશે તેવી અપેક્ષા લોકો રાખી રહ્યા છે.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના

હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...

અમી 93 761 80003 93 288 9 3535 89 80 10 1515

# નરેન્દ્ર મોદીની ૨૦મીએ મણિનગરમાં જનસભા

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાતના મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપતા પહેલા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ૨૦મીના રોજ પોતાના મતવિસ્તાર મણિનગરમાં એક જનસભાને સંબોધન કરનાર છે.

ગુજરાતમાં નરેન્દ્ર મોદી સત્તારૂઢ થયા પછી રાજકોટ બેઠક પરથી પેટા ચૂંટણી લડી ધારાસભ્ય બન્યા બાદ ૨૦૦૨ની વિધાનસભા ચૂંટણીમાં અમદાવાદની મણિનગર વિધાનસભા બેઠક પરથી ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા. આ બેઠક પરથી સતત ત્રણ ટર્મથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા છે.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સમગ્ર દેશમાં લોકસભા ચૂંટણીમાં ભાજપને સ્પષ્ટ બહુમતી મળતા તેઓ હવે દેશના વડાપ્રધાન બનવા જઈ રહ્યા છે. વારાણસી અને બરોડા બેઠક પરથી સંસદ સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા છે. આથી હવે તેઓ વડાપ્રધાન બની રહ્યા હોઈ ગુજરાતના મુખ્યમંત્રી પદેથી ૨૧મીએ રાજીનામુ આપનાર છે.

મુખ્યમંત્રી પદેથી તેઓ રાજીનામુ આપે તે પહેલા તેઓ પોતાના વિધાનસભા મતવિસ્તાર મણિનગરમાં એક જનસભા કરીને પોતાના મતવિસ્તારના મતદારોનો આભાર માનનાર છે. આમ મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપે તે પહેલા અંતિમ જનસભા પોતાના વિધાનસભા મતવિસ્તારમાં કરનાર છે. ૨૦મીએ મણિનગરમાં નરેન્દ્ર મોદીની જનસભા માટે ભાજપ દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે.

મંડપ કેટરીગ લાઈટીગ ફલાવરીગ

89 80 10 1515 93 761 8000 3 93 28 89 3535

અમી રંગવાલા ડેકોરેટર્સ

ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

## નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૨૧-૫-૧૪, બુધવારના રોજ નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો સવારના ૧૧-૦૦ કલાકથી સાંજના ૬-૦૦ કલાક સુધી બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. સ્વામીનારાયણ મંદિર, સબસ્ટેશન, સેક્ટર-૨

સહી/-

ટોરેન્ટ પાવર લિમિટેડ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

BIRLA TYRES Unbeatable! CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

SANGHI CEMENT · KisaN · ashirvad · C. PVC, UPVC · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR.FIXIT

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com